(૧) સદરહું કામે ફરીયાદી વિ.વ.શ્રી ભરથાણીયા તફે હાલની અરજી આપી જણાવેલછેકે, વટાઉ ખત અધિનીયમ સુધારા –૨૦૧૮ ની કલમ–૧૪૩–એ અન્વયે ચેકની રકમના ૨૦ ટકા રકમ નામદાર કોર્ટમાં જમા થયેલછે તે રકમ ફરીયાદીને કલમની જોગવાઈ આધીન ચુકવી આપવા જણાવેલછે. અને ચેક ની રકમ રૂ. ૫,૦૦,૦૦૦/– ની છે અને જે રકમ અંકલેશ્વરના એડીશ્નલ સેસન્સ જજ, સાહેબે હુકમ કર્યા ને આઠ માસ નો સમય વીતેલો છે. વધુધમા આરોપી તફે જુબાની લેવામા આવેલ નથી અને ઉલટાનું કેસ વિંલબમા નાખેલછે અને ફરીયાદી ખેડુત છે અને ખેતીની સીજન છે અને નાંણાની જરૂર છે જેથી કાયદીન જોગવાઈ હેઠળ ૨૦ ટકા રકમ ચેકની ફરીયાદી ને ચુકવવા હુકમ કરવા દાદ કરેલછે અને નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ પાલન કરવા ખુશીછે અને વધુમા આરોપી નિદોર્ષ છુટ તો તે રકમ ચુકવવા પણ વ્યાજ સહીત તૈયાર છીએ. અને જે વચન અને ખાત્રી આપીએછીએ.

(૨) આરોપી તફે વિ.વ.શ્રી કંસારા એ તેઓના આંક–૭૪ થી ફરીયાદીની અરજીનો લેખીત જવાબ આપી જણાવેલછેકે, તેઓએ બદઈરાદાયુકત અરજી આપેલછે. અને વધુમાં પ્રથમથી જ ચાલવા પાત્ર રહેતી નથી. વધુમાં સદરહુ **રકમ કલમ–૧૪૩–એ મુજબ નામદાર કોર્ટમા જમા નથી.** પરતું તે **નામદાર અંકલેશ્વર ના સ ેસન્સ કોર્ટ ના જામીન અરજીમાં મુકવામા આવેલ શરતો પૈકી ની એક શરત છે. અને જે શરત તરીકે ૨૦ ટકા રકમ આરોપીએ ડીપોઝીટ કરાવેલછે.** વધુમા ફરીયાદીએ જણાવેલ કે બે લાખ તે હકીકત ખોટીછે. વધુમાં ફરીયાદી ધ્વારા ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલછે અને આરોપી તફે કેસ મા તેઓનો અસરકારક બચાવ કરવા વિંલબ કરવા હાલની અરજી આપેલછે અને ફરીયાદી ની સદર અરજી ખર્ચ સહી રદ કરવા દાદ ગુજારેલછે.

(૩) સદર કામે ફરીયાદી તફે દલીલ કરેલછેકે, આરોપી નામદાર કોર્ટમા હાજર રહેતા ન હતા તેથી તેઓને વોં ટર કાઢેલ હતા અને વોંરટ પણ બજતા ન હતા અને જેથી તેઓને બાદમા જેલમાં મુકેલ હતા અને ત્યારબાદ જામીન લઈ ને હાજર થયેલા અને બાદમાં પણ આરોપી તફે કેસ ચલાવેલ નહી અને ફરીવખત તેઓને જેલમાં મુકેલ હતા અને તેમા તેઓના જામીનદાર ધ્વારા પણ પૈસા જામીનગરીની રકમ કેસમાં જમા લીધેલછે. અને આરોપી ની વર્તણુક જોતા પણ ભવિષ્યમાં કેસ મા હાજર નહી રહેવાની દાનત આરોપી નીછે અને જેથી તેઓએ સી.આર.પી.સી ની કલમ–૨૦૫ મુજબ ફરીયાદી સામે ખોટા આક્ષેપો વાળી અરજી આપેલછે અને જે બાબતે ફરીયાદી એ તેઓનો ફરીયાદ કરવાનો તેમજ કાર્યવાહીનો હકક બાધીત રાખેલછે અને વધુમાં નામદાર સેસન્સ અદાલત થી **આરોપી જામની પર છુટેલછે અને** તેનીશરત નંબર–૮ જોતા

તેમા જણાવેલછેકે, If the applicant fails to secure his presence during the trial either in person or through the Ld.Advocate then the 20 percent amount of the cheque deposited by applicant herein be paid to the opponent herein i.e. original complainant of Criminal Case No-2338-2021 or shall be forfeited to the State. તેઓ એ હજુ સુધી કેસની કાર્યવાહી આગળ ચલાવેલ નથી. ત્રણ થી ચાર વખત મુદતો પાડેલછે. વધુમા વિકલ્પે પણ અમોને સદરહુ કાયદાની કલમ–૧૪૩–એ મુજબ વળતર મેળવવા કાયદા મુજબ પણ ફરીયાદી હકકદાર છે. વધુમા ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ છે તે બાબતે કોઈ અરજી આપેલ નથી. અને જેથી પણ ફરીયાદીને વળતર મેળવવા હકકદાર છે. વધુમા ખેડુતછે અને પૈસાની ખુબ જરૂરછે અને આરોપી સામે બીજા ત્રણ કેસો આજ કોર્ટમા છે અને આરોપીની વતર્ણુક પણ જોતા બે વાર જેલમાં વોરટ થી ગયેલાછે અને જેથી પણ આરોપી હાજર રહેલા જ નથી.

(૪) આરોપી તફે તેઓની દલીલમા જણાવેલછેકે, તેઓ એ કેસ ચલાવવા તૈયાર છે અને એક પણ મુદત જેલમાથી આવ્યા બાદ ગેરહાજર નથી. અને આજે પણ તેઓ ઉલટ તપાસ કે પુરાવો લેવા તૈયાર છે અને આરોપી તફે કોઈ જ ડીલે કરવામા આવતુ નથી તેની આજરોજ પણ તેઓના વિ.વ.શ્રી ખાત્રી આપીએછે. અને આરોપી તફે કેસ ચલાવવા તૈયાર છે તો ફરીયાદી તફે આ કામ ડીલે કરવા અરજી કરેલછે તે ચોકકસ દેખાયછે અને જેથી આરોપી નો કોઈ જ શરોતો ને કે કોઈ જ ભંગ કરેલો નથી જે રેકર્ડ જોતા પણ માલુમ પડેલછે. વધુમાં તેઓની દલીલોના સમર્થનમા તેઓએ **નામદાર કર્ણાટકા હાઈકોર્ટ નુ સાઈટેશન છે તે ૨૦૨૨ લાઈવ લો(કર્ણાટકા) ૮૨, અને તેમા જણાવેલ સિંધ્ધાતો તફે આરોપીના વિ.વ.શ્રી ઘ્યાન દોરેલછેકે,** મેજીસ્ટ્રેટે આવા હુકમ પસાર કરતી વખતે તેણે એપ્લીકેશન ઓફ માઈન્ડ અને કારણો ડીટેઈલ રીજન સાથે આપવાના છે આવો વળતર નો આદેશ કેમ કરવામા આવેલછે. (૨) ત્યારબાદ નામદાર મદ્રાસ હાઈકોર્ટ **એ.આઈ.આર , ઓન લાઈન, ૨૦૧૯ મદ્રાસ,૮૦૧લ** તેમા પણ પેરા–૧૮ તફે ઘ્યાન દોરેલછેકે, અદાલતે આવા હુકમ પસાર કરતી વખતે તેમના ડીસ્કીશનરી પાવર વાપરતી વખતે કારણો ની ચર્ચા કરવાની છે અને સદરહુ કેસમા એવુ કોર્ટ ઘ્વારા કરવામા આવેલ ન હતુ જેથી પણ બચાવ પક્ષને હાલના કેસને લાગુ પડશે કારણકે, તેઓ કેસ ચલાવવા તૈયારછે.વધુમા આગળ (૩) **નામદાર મદ્રાસ હાઈકોર્ટ, કિ.મી.ન ઓ.પી. ૧૦૨૩૬/૨૦૨૨ અને ૬૦૬૩/૨૦૨૨ પેરા–૮** બાબતે જોતા નુ જણાવેલછેકે, કારણો દર્શાવવા કે આવા ઈન્ટરીમ કમ્પેશેશનના ઓર્ડર કેમ કરેલછે અને સદરહુ જે હુકમમા આવો હુકમ રદ કરેલો હતો અને તમામ સાઈટેશનો ઘ્યાને લેવા અરજ કરેલછે અને હાલની અરજી રદ કરવા દલીલો કરેલછે.

(૫) આમ સદરહુ કામે ઉપરોકત ફરીયાદીની હાલની આંક–**૭૩ ની સદર કાયદની કલમ–૧૪૩–એ મુજબ વચગાળાનુ વળતર ફરીયાદીને ચેકની રકમ ની ૨૦ ટકા ચુકવી આપવાની અરજી ની હકીકત ધ્યાને લીધી.** વધુમા કેસની હકીકત તથા બન્નેવ પક્ષકારોની દલીલો પણ ધ્યાને લીધી. વધુમાં આ કામે આરોપી તર્ફે બે વખત હાજર નહી રહેવાના કારણે જેલમા વોરટ થી ગયેલછે તે હકીકત બીન તકરારી છે. વધુમાં ત્યારબાદ જામીનની શરતો મુજબ એકપણ મુદત ગેરહાજર રહેલા નથી તે રેકર્ડ પર થી જણાયછે અને તેઓએ આરોપી તર્ફે કાયમી મુકતી ની અરજી પણ મંજુર કરાવેલછે તે પણ એક કહીકત છે. વધુમાં હાલની અરજી આરોપી ધ્વારા કેસ ચલાવવાની તૈયારી બાદ ફરીયાદ પક્ષે આપેલછે અને જણાવેલછેકે, કાયદામા અધીકારછે અને જેથી આપેલછે વધુમા આગળ પણ આપેલ હતી તેવુ પણ તેમણે જણાવેલછે પરતું આરોપી હાજર રહેલા નથી જેથી તે નોટ પ્રેસ કરેલછે વધુમાં બાદ મા કેસ ની હકીકતો જોતા અને કાયદાની હકીકતો ધ્યાને લીધી. વધુમા હાલના કેસમા જે ૨૦ ટકા **રકમ જમા છે તે નામદાર સેસન્સ અદાલતની શરતો મુજબ જમા કરાવેલા છે. તે એક હકીકત છે. વધુમાં** હાલમાં આરોપી તર્ફે જે દલીલ કરેલછે તે જોતા તેઓએ કેસ જલ્દી ચલાવવા પણ મૌખીક હકીકત જણાવેલછે. વધુમાં આરોપી તર્ફે જે જે **નામદાર કર્ણાટકા હાઈકોર્ટ નુ સાઈટેશન છે તે ૨૦૨૨ લાઈવ લો(કર્ણાટકા) ૮૨, અને તેમા જણાવેલ સિંઘ્ધાતો તર્ફે આરોપીના વિ.વ.શ્રી ધ્યાન દોરેલછેકે,** મેજીસ્ટ્રેટે આવા હુકમ પસાર કરતી વખતે તેણે એપ્લીકેશન ઓફ માઈન્ડ અને કારણો ડીટેઈલ રીજન સાથે આપવાના છે આવો વળતર નો આદેશ કેમ કરવામા આવેલછે. (૨) ત્યારબાદ નામદાર મદ્રાસ હાઈકોર્ટ **એ.આઈ.આર , ઓન લાઈન, ૨૦૧૯ મદ્રાસ,૮૦૧લ** તેમા પણ પેરા–૧૮ તર્ફે ધ્યાન દોરેલછેકે, અદાલતે આવા હુકમ પસાર કરતી વખતે તેમના ડીસ્કીશનરી પાવર વાપરતી વખતે કારણો ની ચર્ચા કરવાની છે અને સદરહુ કેસમા એવુ કોર્ટ ધ્વારા કરવામા આવેલ ન હતુ જેથી પણ બચાવ પક્ષને હાલના કેસને લાગુ પડશે કારણકે, તેઓ કેસ ચલાવવા તૈયારછે.વધુમા આગળ (૩) **નામદાર મદ્રાસ હાઈકોર્ટ, કિ.મી.ન ઓ.પી. ૧૦૨૩૬/૨૦૨૨ અને ૬૦૬૩/૨૦૨૨ પેરા–૮** બાબતે જોતા નુ જણાવેલછેકે, કારણો દર્શાવવા કે આવા ઈન્ટરીમ કમ્પેશેશનના ઓર્ડર કેમ કરેલછે અને સદરહુ જે હુકમમા આવો હુકમ રદ કરેલો હતો સાઈટેશનો ના સિંઘ્ધાત ધ્યાને લીધા. વધુમા હાલના કેસમાં આરોપી તર્ફે કેસ ચલાવવાની તૈયારી બતાવેલછે અને જે રકમ ડીપોઝીટ છે તે રકમ જામીનગીરી ની શરતો મુજબ ડીપોઝીટછે તો વધુમાં ફરીયાદ પક્ષે દલીલ પણછેકે, તો વિકલ્પે ૧૪૩–એ મુજબ અમોને કમ્પેનશેશન મળવા પાત્ર છે વધુમાં સદરહુ હકીકત બાબતે જોતા આરોપી તર્ફે જયારે કેસ ચલાવવા તૈયાર છે અને તો ફરીયાદી તર્ફે તેઓએ પણ કેસ જલ્દી ચલાવવો જોઈએ અને હાલની જે દાદ માગેલછે તે દાદ અને કોર્ટની વિવેકાધીન સતા હાલના તબકકે વાપરવી ન્યાયોચીત જણાતુ નથી જેથી હાલની અરજી ની

C.C.NO-2338-2021 ORDER BELOW-EXH-73

જે જે દલીલો ફરીયાદ પક્ષે કરેલછે તે જોતા દાદ મંજુર કરવા ન્યાયોચીત જણાતુ નથી જેથી ન્યાયાના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવેછે.

**<u>હુકમ</u>**

૧. સદરહુ ફરીયાદીની હાલની અરજી કલમ–૧૪૩–એ મુજબ વચગાળાનુ વળતર મેળવવાની અરજી નામંજુર કરવામાં આવેછે.

૨. ખર્ચ અંગે હુકમ નથી.

સ્થળ–વાલીયા<br>
તા.૩૦/૧૧/૨૦૨૪

(હીતેષકુમાર રસીકલાલ ઠકકર)<br>
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ્ર કલાસ, વાલીયા<br>
યુનીક જજ કોડ–જી.જે.૦૧૪૪૮